દક્ષિણ આફ્રિકામાં અનેક વાહનો વચ્ચે રોડ અકસ્માતમાં 21નાં મોત

પશ્ચિમ કેપ પ્રાંતમાં રવિવારે રાત્રે થયેલા અકસ્માતમાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ

કેપ ટાઉન, તા. 14 (એપી) દક્ષિણ આફ્રિકાના મુખ્ય હાઇવે પર બે મિનીબસ ટેક્સીઓ સામસામે અથડાઈ હતી અને ત્રીજું વાહન તેમની સાથે અથડાયું હતું, જેમાં ઓછામાં ઓછા 21 લોકોનાં મોત થયાં હતાં અને ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. રોડ ટ્રાફિક મેનેજમેન્ટ કોર્પોરેશને જણાવ્યું હતું કે, પશ્ચિમ કેપ પ્રાંતમાં રવિવારે રાત્રે આ અકસ્માત કેપ ટાઉનથી લગભગ 380 કિલોમીટર (236 માઇલ) પૂર્વમાં આવેલા પ્રિન્સ એલ્બર્ટ અને લીયુ-ગામકા નામના નાના શહેરો વચ્ચે થયો હતો. એજન્સીએ ઉમેર્યું હતું કે,‘ ’પશ્ચિમ કેપમાં ઇમરજન્સી સેવાઓ અને અધિકારીઓ ઘટનાસ્થળે મૂલ્યાંકન કરી રહ્યા હોવાથી મૃત્યુઆંક બદલાઈ શકે છે.’’ મિનીબસ ટેક્સીઓ દક્ષિણ આફ્રિકામાં લાખો લોકો માટે સાર્વજનિક પરિવહનનું મુખ્ય સાધન છે અને તે અવારનવાર જાનલેવા અકસ્માતોમાં સામેલ હોય છે.

જાન્યુઆરીમાં મિનીબસ ટેક્સીઓને સમાવતા બે અલગ-અલગ અકસ્માતોમાં 14 બાળકો સહિત ઓછામાં ઓછા 25 લોકોનાં મોત થયાં હતાં. પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે થયેલા અકસ્માતના ત્રણ પીડિતોને ઝડપથી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં પહોંચતા જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પશ્ચિમ કેપ મોબિલિટી ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, અધિકારીઓ માને છે કે આ અકસ્માત બે મિનીબસ ટેક્સીઓ સામસામે અથડાવાથી શરૂ થયો હતો, ત્યારબાદ એક એસયુવી તેમની સાથે અથડાઈ હતી. અકસ્માત સ્થળે એન1 હાઇવે બંધ કરવામાં આવ્યો હતો.

ભારત કૃત્રિમ સૂર્ય બનાવી રહ્યું છે: વાસ્તવિકતા બનવાથી થોડું જ અંતર

ગુજરાતની લેબમાં સૂર્યના કેન્દ્રના તાપમાનથી વધુ ગરમી ઉત્પન્ન કરવામાં સફળતા મળી, જો કે આ તાપમાન ટકાવી રાખવા માટેના પ્રયોગો હજી ચાલુ છે

નવી દિલ્હી, તા. ૧૪: ગુજરાતમાં આવેલી એક પ્રયોગશાળાના ઊંડાણમાં, વૈજ્ઞાનિકો કુદરતની સૌથી શક્તિશાળી પ્રક્રિયાઓમાંની એક – સૂર્યને પ્રકાશિત કરતી પ્રક્રિયા (ફ્યુઝન) ને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગાંધીનગર ખાતે ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ(IPR) ખાતે SST-1 ટોકામેક પર એક નવું શક્તિશાળી 82.6 GHz, 400 kW ગાયરોટ્રોન સ્થાપિત અને કાર્યરત કરવા સાથે ‘કૃત્રિમ સૂર્ય’ બનાવવાની ભારતની શોધે વધુ એક મહત્વપૂર્ણ પગલું આગળ વધાર્યું છે. SST-1, અથવા ‘સ્ટેડી સ્ટેટ સુપરકન્ડક્ટિંગ ટોકામેક’, એ ભારતનું પ્રાયોગિક ફ્યુઝન મશીન છે જે તારાઓને ઉર્જા આપતી પ્રક્રિયાને પુનર્જીવિત કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. પરંપરાગત પાવર પ્લાન્ટની જેમ બળતણ બાળવાને બદલે, ફ્યુઝન રિએક્ટરનો હેતુ અતિશય તાપમાન અને દબાણ હેઠળ હળવા અણુ ન્યુક્લીઆઈને જોડીને ઉર્જા મુક્ત કરવાનો છે.

આ પ્રયોગના કેન્દ્રમાં પ્લાઝ્મા છે, જે પદાર્થની અત્યંત ગરમ અને વીજળીથી ચાર્જ થયેલી અવસ્થા છે. વૈજ્ઞાનિકોએ આ પ્લાઝ્માને અસાધારણ તાપમાન સુધી ગરમ કરવું પડે છે અને ડોનટ આકારના ટોકામેકની અંદર શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રોનો ઉપયોગ કરીને તેને નિયંત્રિત કરવું પડે છે. ભારતીય ફ્યુઝન પ્રયોગોએ પહેલાથી જ 200 મિલિયન ડિગ્રી સેલ્સિયસથી વધુ પ્લાઝ્મા તાપમાન પ્રાપ્ત કરી લીધું છે, જે સૂર્યના કેન્દ્ર કરતાં લગભગ 20 ગણું વધુ ગરમ છે. પરંતુ આવા તાપમાન સુધી પહોંચવું એ પડકારનો એક ભાગ માત્ર છે. ખરી પરીક્ષા એ છે કે સુપરહીટેડ પ્લાઝ્માને ફ્યુઝન ઉર્જાને વ્યવહારુ વાસ્તવિકતા બનાવવા માટે પૂરતા સમય સુધી સ્થિર અને રોકી રાખવું. ગાયરોટ્રોન એ એક શક્તિશાળી ઉપકરણ છે જે ઉચ્ચ-આવર્તન મઇક્રોવેવ ઉર્જા ઉત્પન્ન કરે છે. વધેલી હીટિંગ ક્ષમતા સંશોધકોને પ્લાઝ્માને વધુ સમય માટે ગરમ રાખવા અને વધુ સ્થિર પરિસ્થિતિઓમાં તે કેવી રીતે વર્તે છે તેનો અભ્યાસ કરવાની તક આપી શકે છે.

ચીનના AI વિકાસને રોકવાની એન્થ્રોપિકની હાકલની ચીને ટીકા કરી

ચીને એઆઈ ચિપ્સ અને ટેકનોલોજી પરના નિયંત્રણોને ‘કોલ્ડ વોરના સમય જેવું ષડયંત્ર’ ગણાવ્યું

AI ક્ષેત્રે ચીનનું આગળ નીકળવું અમેરિકા અને સમગ્ર વિશ્વ માટે ગંભીર ખતરો: ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે યોજાનારી બેઠક પહેલાં એન્થ્રોપિકના સીઇઓનું વિવાદીત નિવેદન

બીજિંગ, તા. 14 (એપી): ચીનના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજીના વિકાસને રોકવા અને તેના પર નિયંત્રણો મૂકવાની એન્થ્રોપિકના સીઈઓ (CEO) દારિયો એમોડેઈની અપીલ સામે ચીને આકરો પ્રતિક્રિયા આપી છે. ચીનના વિદેશ મંત્રાલયે સોમવારે સ્પષ્ટતા કરી હતી કે ડર ફેલાવવો, સંઘર્ષ ઊભો કરવો અને દ્વેષપૂર્ણ સ્પર્ધા કરવાથી વૈશ્વિક AI ગવર્નન્સની પ્રક્રિયા ખોરવાશે, જે કોઈના હિતમાં નથી. મંત્રાલયે એમોડેઈના વિચારો પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તમામ પક્ષોએ એઆઈ પર ભેગાં થઈને કામ કરવું જોઈએ.

24 સપ્ટેમ્બરે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીની નેતા શી જિનપિંગ વચ્ચે યોજાનારી બેઠક પહેલાં આ નિવેદનબાજી સામે આવી છે.

એન્થ્રોપિકના સીઈઓ દારિયો એમોડેઈએ પોતાના એક લેખમાં ચેતવણી આપી હતી કે AI ક્ષેત્રે ચીનનું આગળ નીકળવું અમેરિકા અને સમગ્ર વિશ્વ માટે ગંભીર ખતરો બની શકે છે. તેમણે અમેરિકાની સરસાઈ જાળવી રાખવા માટે ચીનને એડવાન્સ એઆઈ ચિપ્સનું વેચાણ અટકાવવા માગ કરી હતી. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે AIના વિકાસને ધીમો કરવાની માગને ફગાવી દેતાં કહ્યું હતું કે ‘જે AI જીતશે, તે જ વિશ્વ જીતશે.’ ચીનના સરકારી અખબાર ‘ગ્લોબલ ટાઈમ્સ’એ એમોડેઈના લેખને ‘કોલ્ડ વોર પ્લેબુક’ ગણાવી ફગાવી દીધો છે અને આક્ષેપ કર્યો છે કે અમેરિકા એઆઈ ઉદ્યોગ પર એકચક્રી શાસન મેળવવા ઈચ્છે છે. બીજી તરફ, અમેરિકી એજન્સીઓએ ચીની કંપનીઓ પર અમેરિકી AI મોડેલ્સમાંથી ડેટા ચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો, જેને પણ બીજિંગે પાયાવિહોણો ગણાવ્યો છે.

એમોડેઈએ એવી પણ આગાહી કરી હતી કે જો સંશોધકો AI ના વિકાસને ધીમો કરવા સંમત નહીં થાય, તો આગામી 6થી 12 મહિનામાં AI ‘એજન્ટ્સ’નું ઝૂંડ સમગ્ર ઈન્ટરનેટ પર કબજો જમાવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ‘વૈશ્વિક સ્તરે આ ગતિને નિયંત્રિત કરવા માટે ચીન સાથે સહયોગ જરૂરી બનશે, જે અત્યાર સુધીમાં સૌથી એડવાન્સ AI ક્ષમતાઓ ધરાવતો એકચક્રી શાસન ધરાવતો દેશ છે.’

ગુરુગ્રામમાં કારગિલ યુદ્ધના પીઢ સૈનિક પર લોખંડના સળિયા વડે હુમલો

FIR નોંધાયા બાદ 24 વર્ષીય આરોપીની ધરપકડ

ગુરુગ્રામ, તા. ૧૪ (પીટીઆઈ) સેવા નિવૃત્ત લશ્કરી અધિકારીના જણાવ્યા અનુસાર, ગુરુગ્રામના મેગ્નમ ગ્લોબલ પાર્કમાં એક પાર્કિંગ એટેન્ડન્ટ દ્વારા કારગિલ યુદ્ધના પીઢ સૈનિક પર કથિત રીતે લોખંડના સળિયા વડે હુમલો કરવામાં આવ્યો હતો, આ હુમલાને કારણે તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને કોણીમાં ફ્રેક્ચર થયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, ૧૯૯૯ના કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનાની ‘ઓપરેશન સફેદ સાગર’ ટીમનો ભાગ રહેલા ગ્રુપ કેપ્ટન અમિત કુમાર ગુપ્તા (નિવૃત્ત) સાથે સંકળાયેલી આ ઘટના ૧૦ સપ્ટેમ્બરે બની હતી.

ગણેશ ચતુર્થી 2026: અંબાણી પરિવાર, શિલ્પા શેટ્ટી, સુનીતા આહુજાએ બાપ્પાનું સ્વાગત કર્યું

મુંબઈ, 14: અંબાણી પરિવાર દ્વારા આયોજિત ભવ્ય ગણપતિ ઉત્સવથી લઈને શિલ્પા શેટ્ટી, અંકિતા લોખંડે, સુનીતા આહુજા અને અન્ય સ્ટાર્સ દ્વારા આયોજિત અંગત ઉત્સવો સુધી, 14 સપ્ટેમ્બરથી 10 દિવસીય ગણેશ ચતુર્થી 2026ની શરૂઆત થતાં જ સેલેબ્સે બાપ્પાનું ઘરમાં સ્વાગત કર્યું હતું. અંબાણી પરિવાર દ્વારા કરવામાં આવેલા ભવ્ય ગણપતિ આગમનના વીડિયો ફોટોગ્રાફર્સના સોશિયલ મીડિયા પેજ પર શેર કરવામાં આવ્યા હતા. અનંત અંબાણી અને રાધિકા અંબાણી પૂજા-વિધિ કરતાં જોવાં મળ્યાં હતાં. મુંબઈમાં ભારે વરસાદ છતાં શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રાએ પણ પોતાના ઘરે બાપ્પાનું સ્વાગત કર્યું હતું. શિલ્પાની આ વર્ષની ગણેશજીની મૂર્તિ મુંબઈના આઇકોનિક ‘લાલબાગચા રાજા’નું નાનું સ્વરૂપ છે. હંસિકા મોટવાણી પ્રેમ અને ભક્તિભાવ સાથે બાપ્પાને ઘરે લાવતી જોવા મળી હતી, જ્યારે અંકિતા લોખંડેએ પણ ઉત્સાહ સાથે ગણપતિનું સ્વાગત કર્યું હતું.

સુનીતા આહુજાના ઘરે ગણપતિ બાપ્પાનું સેલિબ્રેશન, ગોવિંદા ન દેખાયો

મુંબઈ, તા. ૧૪: ગણેશ ચતુર્થીના અવસરે બોલિવૂડ એક્ટર ગોવિંદાનાં પત્ની સુનીતા આહુજાના ઘરે ગણપતિ બાપ્પાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગણેશોત્સવ દરમિયાન પુત્ર યશવર્ધન તથા પુત્રી ટીના પણ હાજર રહ્યા હતા. જોકે, આ દરમિયાન ગોવિંદા જોવા મળ્યો નહોતો. પેપરાઝીઓએ જ્યારે પરિવારની તસવીરો અને વીડિયો કેમેરામાં કેપ્ચર કર્યા ત્યારે સુનીતાએ તેમને લાડુનો પ્રસાદ આપ્યો હતો. ગણેશ ચતુર્થીના એક દિવસ પહેલાં રવિવારે સુનીતા આહુજા ગણપતિ બાપ્પાને ઘરે લઈને આવ્યા હતા. આ દરમિયાન તેઓ એકલા જ ઢોલના તાલે ડાન્સ કરતા નજરે પડ્યા હતા. ત્યારે પણ ગોવિંદા તેમની સાથે જોવા મળ્યા નહોતો.

સોહેલ ખાનના ઘરે થઈ ગણપતિ પૂજા

મુંબઈ, તા. ૧૪ : મુંબઈમાં ગણેશોત્સવની ધૂમ વચ્ચે અભિનેતા સોહેલ ખાનના ઘરે પણ ગણપતિ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે ખાન પરિવારના અનેક સભ્યો એકસાથે જોવા મળ્યા હતા. અર્પિતા ખાન શર્મા, અલવીરા ખાન અગ્નિહોત્રી અને માતા સલમા ખાન સોહેલના ઘરે ગણપતિ બાપ્પાના દર્શન અને પૂજા-અર્ચના માટે પહોંચ્યા હતા. પરિવારે પૂરી શ્રદ્ધા અને ઉત્સાહ સાથે બાપ્પાનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન ઘરે ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. અર્પિતા અને અલવીરા પરંપરાગત અંદાજમાં જોવા મળ્યા હતા, જ્યારે સલમા ખાન પણ પરિવાર સાથે ગણપતિ પૂજામાં સામેલ થયા હતા. ખાન પરિવાર દર વર્ષે ગણેશોત્સવને ખાસ અંદાજમાં ઉજવે છે. એવામાં સોહેલ ખાનના ઘરે થયેલી આ પૂજામાં પરિવારની એકજૂથતા અને બાપ્પા પ્રત્યેની આસ્થા સ્પષ્ટપણે જોવા મળી હતી.

સામંથા રૂથ પ્રભુનો સીમંત સમારોહ યોજાયો

ચેન્નાઈ, તા. ૧૪: અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ તાજેતરમાં કોયંબત્તુર સ્થિત ઈશા ફાઉન્ડેશન ખાતે તેના સીમંત સમારોહની ઝાંખીઓ શેર કરી હતી, જેમાં તેના પતિ અને ફિલ્મ-નિર્માતા રાજ નિદિમોરુ સાથેની આ ખાસ ઉજવણીની એક અદભુત ક્ષણ જોવા મળી હતી. એક તસવીરમાં રાજે સામંથા પર મોતીઓ વરસાવ્યા હોવાનું દેખાય છે, જ્યારે અન્ય ઝાંખીઓમાં આ સમારોહ દરમિયાન કરવામાં આવેલી પરંપરાગત વિધિઓ દર્શાવવામાં આવી હતી. ઇન્સ્ટાગ્રામ પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં ‘ધ ફેમિલી મેન’ની અભિનેત્રીએ શ્રીવિદ્યાના ’કલા આવરણ’ વિધિ વિશે સમજાવ્યું હતું, જે ગર્ભવતી માતાના સાત ચક્રો દ્વારા દેવીની ૬૪ કલાઓનું સન્માન કરે છે. તેણીએ શેર કર્યું કે આ વિધિમાં પવિત્ર જળ, મંત્રો અને ધાર્મિક વિધિઓનો સમાવેશ થાય છે જેનો હેતુ આ કેન્દ્રોને શુદ્ધ અને ઊર્જાવાન કરવાનો છે.

નફીસા અલીને સ્ટેજ 4 કેન્સર, હાલત ગંભીર

મુંબઈ, તા. 14: દિગ્ગજ બોલિવૂડ અભિનેત્રી નફીસા અલી છેલ્લાં ઘણાં વર્ષોથી કેન્સર સામે લડાઈ લડી રહી છે. જોકે, હવે જણાવવામાં આવી રહ્યું છે કે, તેમનું ઓવેરિયન અને પેરિટોનિયલ કેન્સર આગળ વધી ગયું છે. આની સીધી અસર તેમની સારવાર પર પડી છે જેને હવે ડોક્ટર્સે બદલી નાખી છે. નફીસા અલીએ પોતાના હાલચાલ વિશે ખુદ વીડિયો શેર કર્યો છે. નફીસા અલી ખૂબ જ પોઝિટિવિટી સાથે કેન્સર સામે પોતાની જંગ લડી રહી હતી અને પોતાની તસવીરો તથા વીડિયોથી તમામ બીજા પીડિત લોકોને પણ મોટિવેટ કરે છે. હવે નફીસાએ જે લેટેસ્ટ તસવીર શેર કરી છે તેમાં તે હોસ્પિટલના બેડ પર હસતી નજરે પડી રહી છે અને તેના હાથમાં આઈવી ડ્રિપ લાગેલી છે. નફીસા અલીએ થોડા સમય પહેલાં જણાવ્યું હતું કે, તેમનું ઓવેરિયન કેન્સર (અંડાશયનું કેન્સર) ચોથા સ્ટેજ પર પહોંચી ગયું છે.

ઇમરાન ખાનના એક્સ-વાઇફ જેમીમાએ કર્યા બીજા લગ્ન

ભવ્ય સમારોહમાં 62 વર્ષીય ઉદ્યોગપતિ ઓ’રાઇલી અને 52 વર્ષીય જેમીમા લગ્નના બંધને બંધાયાં

લંડન, તા. 14 (PTI) પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની ભૂતપૂર્વ પત્ની જેમીમા ગોલ્ડસ્મિથે મલ્ટી-મિલિયોનર ફાઇનાન્સર કેમેરોન ઓ’રાઇલી સાથે બીજાં લગ્ન કર્યાં છે. તેમના પરિવારે આ સમાચારની ઉજવણી કરતાં આ વાતની પુષ્ટિ કરી છે.

52 વર્ષીય ફિલ્મ-નિર્માતાનાં લગ્ન પાકિસ્તાની ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાન ખાન સાથે લગભગ નવ વર્ષ સુધી રહ્યા હતા. ત્યાર બાદ 2004માં છૂટાછેડા થયા હતા. આ દંપતીને બે પુત્રો સુલેમાન અને કાસિમ છે.

જેમીમા ગોલ્ડસ્મિથના ભાઈ બેનની પત્ની જેમીમા જોન્સે પોતાના પતિ સાથે પોઝ આપતા ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું, “તેમના મનપસંદ સાથી સાથે જેમીમા અને કેમેરોનના લગ્નની ઉજવણી કરી રહ્યા છીએ, કેટલો ખુશનો દિવસ છે.”

62 વર્ષીય આઇરિશ ઓસ્ટ્રેલિયન ઉદ્યોગપતિ ઓ’રાઇલી અને જેમીમા ગોલ્ડસ્મિથે વીકએન્ડ દરમિયાન એક ભવ્ય સમારોહમાં લગ્નના બંધને બંધાયા હોવાનું માનવામાં આવે છે.

નવપરિણિત યુગલ ફિલ્મ અને ડોક્યુમેન્ટ્રીમાં તેમના સમાન રસ દ્વારા મળ્યા હોવાનું માનવામાં આવે છે.

પ્રોડક્શન કંપની ‘ઇન્ટિરેક્ટ પ્રોડક્શન્સ’ના સ્થાપક જેમીમા ગોલ્ડસ્મિથે શેખર કપૂર દ્વારા નિર્દેશિત ક્રોસ-કલ્ચરલ રોમેન્ટિક કોમેડી ‘વોટ્સ લવ ગોટ ટુ ડૂ વિથ ઇટ?’ સહિત અનેક શો અને ફિલ્મો લખી અને નિર્માણ કરી છે.

‘૧૭ સાંસદો ભાજપમાં જશે!’: TMCના બળવાખોરોનો દાવો

પણ જૂથમાં જ પડી ફૂટ!

યુસુફ પઠાણ સહિતના સાંસદોએ ભાજપમાં જોડાવાની વાત ફગાવી બંગાળ ભાજપ પ્રમુખ શમીક ભટ્ટાચાર્યએ પણ બસુનિયાનો દાવો ફગાવ્યો

કોલકાતા, તા. 14 (પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસ (TMC)માંથી બળવો કરીને ‘નેશનલ કોંગ્રેસ ફોર પીપલ્સ ઈન્ટિગ્રેશન’ (NCPI)માં જોડાયેલા સાંસદ જગદીશ ચંદ્ર વર્મા બસુનિયાએ દાવો કર્યો હતો કે TMCમાંથી અલગ થયેલા 20માંથી 17 લોકસભા સાંસદો ટૂંક સમયમાં જ ભાજપમાં જોડાશે. કૂચબિહારના સાંસદ બસુનિયાએ દાવો કર્યો હતો કે બે-તૃતીયાંશ કરતાં વધુ સંખ્યા હોવાથી તેમના પર પક્ષપલટા વિરોધી કાયદો લાગુ નહીં થાય. જોકે, તેમના આ નિવેદનથી બળવાખોર જૂથમાં જ તીવ્ર મતભેદો સામે આવ્યા છે અને ભાજપે પણ આ દાવો સખત રીતે ફગાવી દીધો છે.

જૂથના બળવાખોર સાંસદ અબુ તાહેર ખાને ભાજપમાં જોડાવાની વાતને સંપૂર્ણપણે ફગાવી દેતાં કહ્યું હતું કે બસુનિયા તેમના પ્રવક્તા નથી. ખાને સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પોતે, જંગીપુરના સાંસદ ખલીલુર રહેમાન અને બહરામપુરના સાંસદ યુસુફ પઠાણ ક્યારેય ભાજપમાં જોડાશે નહીં કે NDAને સમર્થન આપશે નહીં. અન્ય સાંસદ શતાબ્દી રોયે પણ જણાવ્યું હતું કે આવો કોઈ નિર્ણય લેવાયો નથી અને આ બસુનિયાનો અંગત મત છે. બાદમાં બસુનિયાએ પણ સ્પષ્ટતા કરવી પડી હતી કે આ તેમનો પોતાનો વ્યક્તિગત વિચાર હતો.

બીજી તરફ, પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ શમીક ભટ્ટાચાર્યએ આ દાવાથી અંતર જાળવતાં જણાવ્યું હતું કે TMC કે NCPIમાંથી કોઈ પણ નેતા ભાજપમાં જોડાઈ રહ્યા નથી. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે બસુનિયા કયા ભાજપની વાત કરી રહ્યા છે તે સમજવા જેવું છે. તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તા કુનાલ ઘોષે આ વિવાદ પર પ્રહાર કરતા બળવાખોર સાંસદોને રાજકીય તકવાદી ગણાવ્યા હતા. હાલ લોકસભાના રેકોર્ડ પર આ તમામ 20 સાંસદો હજુ પણ TMCના સભ્યો તરીકે જ નોંધાયેલા છે.

સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડ હવે યુકેથી આઝાદ થવા માગે છે

આ ત્રણેય પ્રદેશોના નેતાઓએ યુકેથી જુદા થવા માટેની માગના સંયુક્ત સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા

કાર્ડિફ, તા. ૧૪: સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના નેતાઓએ આઝાદી માટેની એક નવી માગમાં હાથ મિલાવ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે તેમના દેશોને બ્રિટિશ સંસદની કોઇ પણ દખલગીરી વગર પોતાનું બંધારણીય ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર છે. સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર જહોન સ્વાઇની, પ્લેઇડ કાઇમરુના નેતા રુન આપ ઇઓરવર્થ અને સિન ફેનના વાઇસ પ્રેસિડેન્ટ મિશેલ ઓ’નીલે સોમવારે કાર્ડિફમાં સિન ફેનના પ્રમુખ મેરી લુ મેક્ડોનાલ્ડની હાજરીમાં એક સંયુક્ત સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ રાષ્ટ્રીય નેતાઓએ જણાવ્યું હતું કે, બંધારણીય ફેરફારો કેવી રીતે અને ક્યારે થવા જોઇએ તે અંગે મતભેદો હોવા છતાં, તેમના પક્ષો યુનાઇટેડ કિંગડમથી અલગ થઇને આઝાદી મેળવવા માટે પ્રતિબદ્ધ છે.

સ્કોટલેન્ડના જહોન સ્વાઇની અને નોર્ધન આયર્લેન્ડના મિશેલ ઓ’નીલે જનમત લેવાની માગને સમર્થન આપ્યું હતું, જ્યારે વેલ્સના રુન આપ ઇઓરવર્થે મતદાન માટે કોઇ ચોક્કસ સમયસીમા નક્કી કરવાનું ટાળ્યું હતું. આ કરારમાં આ બેઠકને સમગ્ર યુકેમાં આઝાદીની ચળવળો માટે એક મહત્વપૂર્ણ ક્ષણ ગણાવવામાં આવી હતી. આ નેતાઓએ બ્રિટિશ સરકારને દરેક ક્ષેત્રમાં બંધારણીય ફેરફારો માટે તૈયારી કરવા, યોજના બનાવવા અને તેને સરળ બનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે દરેક રાષ્ટ્રે પોતાની પરિસ્થિતિ અનુસાર પોતાનું ભવિષ્ય નક્કી કરવું જોઇએ. તેમણે કહ્યું, અમારા રાષ્ટ્રોને આત્મનિર્ણયનો અધિકાર છે. યુકેની કોઇ પણ સરકારને લોકશાહીને રોકવાનો અથવા ‘અમારા લોકો જ પોતાનું ભવિષ્ય નક્કી કરશે’ તે સિદ્ધાંતને નબળો પાડવાનો અધિકાર નથી.

હૂથી હુમલા સામે લશ્કરી મદદથી પીછેહઠ બાદ પાકિસ્તાનનું ડેમેજ કંટ્રોલ

શેહબાઝ શરીફે સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથે ફોન પર કરી વાતચીત

ઈસ્લામાબાદ, તા. 14: ઈરાન સમર્થિત હુથી બળવાખોરો સામે લશ્કરી કાર્યવાહી કરવાથી પીછેહઠ કર્યા બાદ, પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથેના સંબંધો સુધારવા માટે ડિપ્લોમેટિક ‘ડેમેજ કંટ્રોલ’ શરૂ કર્યું છે. પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે રવિવારે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોનિ પર વાતચીત કરીને સાઉદી અરેબિયાના નાગરિક અને આર્થિક માળખા પર થઈ રહેલા હુથી હુમલાઓની સખત શબ્દોમાં ટીકા કરી હતી અને સંપૂર્ણ એકજૂથતા વ્યક્ત કરી હતી.

આ પહેલાં પાકિસ્તાને સ્પષ્ટતા કરી હતી કે સાઉદી અરેબિયા સાથેનો ‘મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ’ આપોઆપ હુથીઓ સામે પાકિસ્તાની સૈન્ય કાર્યવાહીની બાંયધરી આપતો નથી. સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે અગાઉ એવું નિવેદન આપ્યું હતું કે સાઉદી પર હુમલો થશે તો આ કરાર સક્રિય થઈ જશે, પરંતુ બાદમાં ઈસ્લામાબાદે હુથીઓ પર હુમલાથી ઈન્કાર કર્યો હતો.

યમનમાં હુથીઓ અને સાઉદી સમર્થિત દળો વચ્ચે લડાઈ તીવ્ર બની છે. હુથી બળવાખોરોએ લાલ સમુદ્રના મહત્વના મોખા બંદર અને બાબ અલ-મંદેબ મધ્યસ્થ સ્ટ્રેટ નજીકના એક ટાપુ પર કબજો જમાવી લીધો છે, જેનાથી વૈશ્વિક દરિયાઈ શિપિંગ રૂટ અને ઉર્જા પુરવઠા માટે ખતરો ઊભો થયો છે. સપ્ટેમ્બરની શરૂઆતથી અત્યાર સુધીમાં 82000થી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

દરમિયાન, સાઉદી અરેબિયાએ અમેરિકા પાસે પણ મદદ માગી હતી, પરંતુ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુથીઓ સામે સીધી લશ્કરી કાર્યવાહી કરવાનો ઈનકાર કરી દીધો હતો. બીજી તરફ, વડા પ્રધાન શેહબાઝ શરીફ 23 સપ્ટેમ્બરે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) સત્ર દરમિયાન ટ્રમ્પને મળવાના છે. આ બેઠકથી ઈસ્લામાબાદને વોશિંગ્ટન અને રિયાધ વચ્ચે પોતાના સંબંધોમાં સંતુલન જાળવવાની તક મળશે.